## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




શું ટીવી સામે બજેટ જાણવા સમય બગાડો છો... હું કહી દઉં સિગારેટ મોંઘી થશે, બાક્સ સસ્તા થશે... બુટ સસ્તા થશે, મોજાં મોંઘા થશે... સોય સસ્તી થશે અને દોરા મોંઘા થશે...!!

# એકટીવા પર વિદેશી દારૂ-બિયરની હેરાફેરી વધી

## એલસીબીએ નારદીપુર-મોખાસણ રોડ પરથી દારૂ-બિયર સાથે બે ખેપીયાઓને પકડી પાડયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં હવે વિદેશી દારૂ-બિયરની હેરાફેરી માટે એકટીવાનો ઉપયોગ વધી ગયો છે. ગાડીઓમાં ચેકીંગ થવાની શકયતા વધુ હોવાથી એકટીવાની ડેકીમાં નાના પાયે હેરાફેરી શરુ થઈ ગઈ છે. ગાંધીનગર એલસીબીની ટીમે નારદીપુર-મોખાસણ રોડ ઉપરથી એકટીવા પર ખેપ મારતા બે શખ્સોને દબોચી લીધા છે. રૂ. ૪૮ હજારના મુદ્દામાલ સાથે બંનેની ધરપકડ કરી વધુ પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની ટીમને ચોકકસ બાતમી મળી હતી કે નારદીપુર-મોખાસણ રોડ પરથી બે શખ્સો એકટીવા લઈને દારૂ-બિયરના જથ્થા સાથે નિકળ્યા છે. આ બાતમી આધારે આર.જે. સ્ટેડીયમ પાસેથી જીજે ૧૮ સી.એસ. ૨૩૧૧ નંબરના એકટીવા સાથે બે શખ્સો હાર્દિક મહેશ પ્રજાપતિ (રહે. હનુમાન ચોક, પ્રજાપતિ વાસ, નારદીપુર) અને ગોપાલ રામાજી ઠાકોર (રહે. નૈયા પેટ્રોલ પંપ પાછળ છાપરા, સરઢવ-નારદીપુર રોડ)ને પકડી પાડયા છે. એકટીવામાંથી ૨૯ નંગ વિદેશીદારૂની બોટલો અને ૭૦ નંગ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૧૮,૬૦૦નો દારૂ બિયર તથા એકટીવા મળી એલસીબીની ટીમે કુલ રૂ. ૪૮,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને બંનેની ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી છે.







## જીઈબી છાપરા પાસેથી વિદેશી દારૂની બોટલો પકડાઈ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતને બાતમી મળી હતી કે જીઈબી પાવરહાઉસના મેઈન ગેટ સામે છાપરા પાસ વિદેશી દારૂનો વેપલો થઈ રહ્યો છે જે આધારે તેમની ટીમે આજે બપોરના અરસામાં છાપરા પાસે જોગણીમાતા મંદિર પાસે દરોડો પાડી મંદિર પાછળ એક થેલામાં સંતાડેલી ૧૮ નંગ વિદેશી દારૂની બોટલો પકડી પાડી હતી. રૂ. ૯ હજારનો દારૂ જપ્ત કરી એલસીબીની ટીમે ફરાર થઈ ગયેલા બુટલેગર ઝુબેર કાલુ કાજેરીયાની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

## પેથાપુર પેટ્રોલપંપ સામેથી વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપાઈ

ગાંધીનગર, તા.૧

પેથાપુર પોલિસને ચોકકસ બાતમી મળી હતી કે મહુડી-પેથાપુર રોડ પરથી વિદેશી દારૂનો જથ્થો ભરલી ગાડી નં. જીજે ૦૧ આર.એ. ૧૧૮૮ની ફોર્ડ ફીગો ગાડી આવી રહી છે. આ બાતમી આધારે પેથાપુર પોલિસની ટીમે ઉમિયા કેશર પેટ્રોલ પંપ સામે વૉચ ગોઠવી સિલ્વર કલરની ગાડી પકડી પાડી હતી. ગાડીમાંથી ૧૪૭ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલિસે રૂ. ૪૪,૧૦૦નો દારૂ તથા ગાડી મળી કુલ રૂ. ૧,૯૫,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પથાપુર કિર્તીરાજ સોસાયટીમાં રહેતા હિતેન્દ્ર ગાંડાજી ઠાકોરની ધરપકડ કરી લઈ ઉંડી પુછપરછ શરુ કરી છે.

## સે-૨૮ જીઆઈડીસીમાં ફેકટરીમાંથી પકડાયેલા દારૂ પ્રકરણમાં એક ઝડપાયો

ગાંધીનગર, તા.૧




એલસીબીની ટીમે સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે પ્લોટ નં. ૫૦૮ની બંધ ફેકટરીમાં ૨૧ જાન્યુઆરીએ દરોડો પાડી વિદેશી દારૂનો મસમોટો જથ્થો પકી પાડયો હતો. દારૂનું કટીંગ ચાલતું હતું ત્યારે રેડ કરીને ટીમે ત્રણને પકડયા હતા. અન્ય ફરાર આરોપીઓને શોધી કાઢવા પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની ટીમો સક્રિય હતી દરમિયાન આજે પેટ્રોલીંગ દરમિયાન ચોકકસ બાતમી આધારે સે-૨૫ જીઆઈડીસી પ્લોટ નં. ૮/૩૧ વાળા શખ્સ સલીમ અનવર સિપાઈને દબોચી લીધા છે. આ શખ્સની ધરપકડ કરી અન્ય આરોપીઓની શોધખોળ શરુ કરવામાં આવી છે.

## મહાશિવરાત્રી નિમિતે હરિદર્શન-૪ નરોડા ખાતે શિવકથા યોજાશે

મહા શિવરાત્રી નિમિતે ભવ્ય અને દિવ્ય મહોત્સવ શિવકથાનું આયોજન તા. ૧૦ ફેબ્રુઆરીને શનિવારના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન હરિદર્શન-૪ , દિવ્યજીવન સત્સંગ ફલેટની સામે, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા નરોડા અમદાવાદ ખાતે યોજાશે. કથાના પોથી યજમાન રઘુવીરસિંહ.કે.ગોહિલ તેમજ કથા ભુમિ યજમાન બળદેવભાઈ વ્યાસ પરિવાર દ્વારા કરાયું છે. કથા વિરામ તા.૧૭ ફેબ્રુઆરીના રોજ થશે. તો આ કથા શ્રવણનો લાભ લેવા સૌ ધર્મપ્રેમી નાગરીકોને અનુરોધ કરાયો છે.




રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી પ્રસંગે ચૂંટણી શાખામાં ફરજ બજાવતા નાયબ સેક્શન અધિકારી રાજુલ એન. ભટ્ટને તેમની વિશિષ્ટ કામગીરી માટે રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીના વરદહસ્તે સન્માન કરવામાં આવ્યુ હતુ તે પ્રસંગની તસવીર.

## ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના દિલિપસિંહ બ્રહ્મભટ્ટનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૦ બી માં આવેલ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડમાં છેલ્લા બે દાયકાથી પણ વધુ સમય ફરજ બજાવેલા બે અધિકારી વય નિવૃત થતા તેઓનો વિદાય સમારોહ બોર્ડના સભાખંડમાં સભ્ય સચિવ કે.સી.મિસ્ત્રીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે બોર્ડમાં ફરજ બજાવતા અનેક અધિકારી-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

પ્રદુષણ નિયંત્રણ બોર્ડના સભાખંડમાં બુધવારના રોજ બપોરે બે અધિકારીઓનો વિદાય સમારોહ યોજાયો હતો. જેમાં એક હતા જુનિયર અધિકારી દિલિપસિંહ બ્રહ્મભટ્ટ અને બીજા અધિકારી ઉમેશ બાબુ બંન્ને અધિકારીને વિદાય આપવા માટે મોટીસંખ્યામાં સાથી અધિકારીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે બંન્ને અધિકારીઓને બોર્ડની પરંપરા મુજબ મોમેન્ટો તેમજ ફુલહાર પહેરાવી સાકર,શ્રીફળ અને પડો આપી નિવૃત જીવન સુખદાયી અને ફળદાયી નિવડે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. જુનિયર અધિકારી દિલિપસિંહ બ્રહ્મભટ્ટ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અધિકારી-કર્મચારી મહામંડળના પ્રમુખ રહી ચુકયા છે, તેમજ હાલ બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગરના પ્રમુખ તરીકે સેવા બજાવે છે. જીપીસીબીમાં બે દાયકાથી પણ વધુના સમયથી ફરજ બજાવેલા દિલિપસિંહ બ્રહ્મભટ્ટના સાથી કર્મચારીઓમાં પણ સરળ અને સાલસ સ્વભાવના હોવાથી અનોખી ઓળખ ધરાવે છે. બોર્ડમાં સાથી અધિકારીઓએ તેઓની સાથેના સમયના સસ્મરણો વાગોળ્યા હતા. જયારે બોર્ડના સભ્ય સચિવ કે.સી.મિસ્ત્રીએ બંન્ને અધિકારીને નિવૃત જીવનની શુભેચ્છા પાઠવી હતી. જયારે બંન્ને અધિકારીઓની કામગીરીની સેવા અને દીર્ઘદ્રષ્ટિનો લાભ બોર્ડને મળ્યો હતો. આ અધિકારીઓની ખોટ હંમેશા બોર્ડને વર્તાશે. જયારે આ બે અધિકારી વયનિવૃત થતા સાથી અધિકારીઓની આંખના ખુણા પણ ભીના થયા હતા. જયારે સૌ કોઈએ દિલિપસિંહ અને ઉમેશબાબુને નિવૃત જીવન સ્વસ્થ અને સુખમય પસાર થાય તેવી શુભકામના પાઠવી હતી.



દિલિપસિંહ બોર્ડના કર્મચારી મંડળના પ્રમુખના કાર્યકાળ દરમિયાન કર્મચારી-અધિકારીઓને સ્પર્શતા પ્રશ્નોને વાચા આપી હતી. તેમજ સમાજના પ્રશ્નોને પણ હરહંમેશ વાચા આપી આગળ ધપાવે છે. સમાજના કોઈપણ કામમાં હંમેશા અગ્રેસર રહે છે. તેથી દિલિપભાઈને વયનિવૃત થતા સમસ્ત ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજ તરફથી પણ શુભકામના પાઠવવામાં આવે છે.

## વ્યકિતએ જીવનપર્યંત વ્યસ્ત રહેવું જોઈએ : પરેશભાઈ શાહ

રાજય સરકારના માહિતીખાતામાં ૩૪ વર્ષ નવ માસની સુદીર્ઘ યશસ્વી કારકિર્દી બાદ વય નિવૃત થતા સોશિયલ મીડિયા શાખા ગાંધીનગરના ના.મા.નિ શ્રી શાહનું ભાવભીનું વિદાયમાન યોજાયું



શ્રી પરેશ શાહની ચોકસાઈનો અનુભવ રજુ કરતા અધિક માહિતી નિયામકશ્રી અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે સ્પષ્ટતા અને સહજતા થી સુરેન્દ્રનગર, અમદાવાદ, બાલાસિનોર, આરોગ્ય વિભાગ મહેસાણા અને સોશિયલ મીડિયા શાખા ગાંધીનગરમાં તેમણે કરેલી કામગીરી પ્રશસીનીય છે.

વાસ્તવિકતા સાથે મજબુત અભિગમ ધરાવતા પરેશભાઈ એક પ્રવૃતિ પૂર્ણ કરી નવી પ્રવૃતિમાં ખીલનારા કર્મવીર છે. એમ પોતાના સંસ્મરણોને રજુ કરતા પ્રેસ અકાદમીના સચિવશ્રી અને સંયુકત માહિતી નિયામકશ્રી પુલક ભાઈ ત્રિવેદીએ શુભેચ્છા પાઠવી હતી. વૃતિઓમાંથી નિઃવૃત થવાની પ્રવૃતિ એટલે નિવૃતિ. ના.મા.નિ.શ્રી પ્રજ્ઞાબેન પટેલે જણાવ્યું હતું. નામાનિશ્રી પંકજભાઈ મોદી અને હિરેનભાઈ ભટ્ટે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા સહાયક માહિતી નિયામશ્રી અનિલભાઈ બારોટે જણાવ્યું હતું કે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતા સ્વાગતમાં જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા ગાંધીનગર મહેસાણા જિલ્લાના નાયબ માહિતી નિયામ તરીકે વયનિવૃત થતા શ્રી શાહ સાહેબ પ્રેરણાદાયી છે. આ પ્રસંગે સર્વેશ્રી જી.ખેફ પાંડોર, રતિલાલ તુરી, હિરલબેન ત્રિવેદી, ધીરૂભાઈ કોટવાલ, સ્વાતી રામાણી, મિનેશ ત્રિવેદી વગેરે અધિકારી-કર્મચારીઓએ ઉપસ્થિત રહી શ્રી પરેશભાઈ શાહને પોતાના સંસ્મરણોને હળવાશ માણી ભાવભીનું વિદાય માન આપ્યું હતું.

## સીનીયર સીટીઝનો માટે લાભદાયી બજેટ

નાણાંમંત્રી અરૂણ જેટલીએ રજુ કરેલ કેન્દ્રિય અંદાજપત્ર આર્થિક-સામાજિક ન્યાય પરત્વે હેતુ ધ્યેય નિષ્ઠ જનકલ્યાણકારી ગરીબ દલિત પછાત વર્ગ અને મધ્યમવર્ગને રાહતરૂપ તેમજ ખેડૂત અને ખેત વિકાસને હિતકારક છે. ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો માટે બેંકમાં એફ.ડી. ઈત્યાદિની વ્યાજની રૂ. ૫૦,૦૦૦ સુધીની



કરમુક્ત આવક તેમજ રૂ. ૧૫ લાખ સુધીનું પ્રધાનમંત્રી વયવંદના યોજના નીચેનુ રોકાણ આઠ ટકાના એસ્યોર્ડ વ્યાજ તથા તબીબી ખર્ચ ૮૦ડી નીચે વીમા પ્રીમીયમની રૂ. ૫૦,૦૦૦ સુધીની રાહત તેમજ રૂ. એક લાખનો તબીબી ખર્ચ થાય તો આવકવેરામાં રાહતની બાબતો ઉપકારક છે. વેતન કમાનાર અને પેન્શનરે રૂ. ૪૦,૦૦૦નું સ્ટાન્ડર્ડ ડીક્શન રાહતરૂપ રહેશે. એકંદરે અંદાજપત્ર સંતોષજનક અને આવકારપાત્ર છે.

- સુમંતભાઈ મં. શાહ

## ચીફ ફાયર ઓફિસરે લગ્નના ૨૨ વર્ષની ઉજવણી સેવાકાર્ય થકી કરી

ગાંધીનગર, તા. ૧

સંસ્કારનગરી ગાંધીનગરના નગરજનોમાં તેમના જીવનમાં આવતા યાદગાર દિવસોને સેવાકાર્યો થકી ઉજવવાની પ્રણાલીની શરૂઆત થયેલી જોવા મળી રહી છે. આ પ્રસંશાત્મક પ્રણાલીમાં ગાંધીનગરના ચીફ ફાયર ઓફિસરે પણ જોડાઈ તેમના ૨૨ વર્ષના લગ્નજીવનની વર્ષગાંઠને સેવાકાર્યો થકી ઉજવી પ્રેરક ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.



ગાંધીનગરના ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ તથા તેમના ધર્મપત્નિ વર્ષાબેનના સુખદ લગ્નજીવનને ૨૨ વર્ષ પૂર્ણ થયાં છે. આજે તેમણે પોતાની લગ્નતિથીને સેવાકાર્યો થકી ઉજવવાનું નક્કી કર્યુ હતુ. જેમાં તેમણે ગાંધીનગરની વિવિધ સંસ્થાઓમાં દાન ભેટ કાર્ય હાથ ધર્યુ હતુ. સૌ પ્રથમ તેમણે સેક્ટર-૨૮ની સમર્પણ મુકબધિર શાળાના ૮૦ જેટલા દિવ્યાંગ બાળકોને ફૂડ પેકેટ્સનું વિતરણ કર્યુ હતુ. ત્યારબાદ સેકટર-૩૦ ખાતેના મુક્તિધામ સ્થિત પંખીગૃહ માટે ૨ બોરી જારની ભેટ આપી હતી. આ ઉપરાંત તેમણે સે. ૧૯માં સ્પેશિયલ ચાઈલ્ડહોમ્સના ૪૫ જેટલા બાળકો માટે ૨ તેલના ડબ્બા, ૩૦ કિલો મગ અને ૨૫ કિલો જેટલી દાળની ભેટ આપી મદદરૂપ થવા પ્રયાસ કર્યો હતો. પોતાની લગ્નતિથીની ખુશાલી આ રીતે ઉજવવા બદલ મહેશ મોડના મિત્રો તથા શુભેચ્છકો સહિત ચોમેરથી પ્રસંશા કરવામાં આવી રહી છે.

# જીસીઈઆરટી ખાતે તૃતિય એજ્યુકેશનલ ઈનોવેશન ફેર યોજાયો

ગાંધીનગર, તા.૧

જી.સી.ઈ.આર.ટી. પ્રેરિત તથા જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન ગાંધીનગર દ્વારા તૃતિય એજ્યુકેશનલ ઈનોવેશન ફેર ૨૦૧૭-૧૮નુંઆયોજન ગાંધીનગર સેકટર-૧૨ ખાતે સવારે ૧૦ કલાકે જીસીઈઆરટી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાભરના શિક્ષકોએ શિક્ષણ અને બાળકો તેમજ અભ્યાસને લગતી વિવિધ ૪૯ કૃતિઓ રજુ કરી હતી. જેમાં ઈનોવેશન ફેરમાં ગાંધીનગર જિલ્લાના ઓળા પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા હુન્નર દ્વારા સ્વઓળખનો તેમજ બિલેશ્વરપુરા ગામની પ્રાથમિક શાળાના શિક્ષિકાએ નિયમિત બાળક સર્વાંગી વિકાસનો પ્રોજેકટ રજુ કર્યો હતો. આ ઈનોવેશન ફેરનો જિલ્લાના હજ્જારો શિક્ષકોએ નિહાળ્યો હતો.

શહેરના સેકટર-૧૨ જીસીઈઆરટી ખાતે સવારે ૧૦ કલાકે યોજાયેલ ફેરમાં ડો.ટી.એસ.જોશી નિયામક જીસીઈઆરટી, ફેરના ઉદ્ઘાટક તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા તેમજ અતિથી વિશેષ તરીકે બી.સી.સોલંકી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.એન.એમ.રાઠોડ, જિલ્લા શિક્ષણાધિકારી એસ. એમ. બારડ તેમજ આઈ.વી.પટેલ. પ્રાચાર્ય ડાયટ હાજર રહ્યા હતા.

ઈનોવેશન ફેરમાં ઉપસ્થિત મહેમાનોએ હાજર શિક્ષકગણને પ્રાસંગિક પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. મહેમાનોના હસ્તે 'મારો નવતર પ્રયોગ'નું વિમોચન કર્યું હતું. જયારે આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લાના શિક્ષકોએ શિક્ષણ અને ભણતરને લગતી વિવિધ ૪૯ કૃતિઓ રજુ કરી હતી.જેમાં બિલેશ્વરપુરા ગામની પ્રાથમિક શાળાના શિક્ષિકા પંડયા મિતલબેને નિયમિત બાળક શાળામાં આવે અને તેનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં પ્રયત્નો હાથ ધર્યો હતો. જેમાં ધો-૬થીટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનો અનિયમિતતા દેખાઈ આવી હતી.જેથી પ્રોજેકટ અંતર્ગત તે શિક્ષિકાએ અનિયમિત બાળકોના વાલીને મળીને કારણ જાણ્યું હતુ. તેમજ શાળામાં થતી પ્રવૃતિઓ અને નવીનીકરણથી વાકેફ કર્યા, દર મહિને વાલીને બોલાવીને બાળકની હાજરી બતાવવામાં આવી, તેમજ



વિદ્યાર્થીઓને શાળામાં નિયમિત આવે તે માટે જુદી જુદી પ્રવૃતિઓમાં જોડાવામાં આવ્યા. જેમાં પ્રાર્થના સભામાં ભાગીદારી, ઢોલ વગાડવું, સ્વચ્છતા, ઈકો કલબની પ્રવૃતિઓ, રમતો, યોગ, પુસ્તકોમાં રસ લેતા કર્યા હતા. તેમજ વધુ હાજરી વાળા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહીત કરતા બાળકોની સંખ્યા શાળામાં વધતી ગઈ અને નિયમિતતામાં વધારો થયો હતો. ઈનોવેશનના પરિણામે બાળકો શાળામાં નિયમિત આવતા થયા, પ્રાર્થનામાં ભાગ લેતા થયા, વાલી દ્વારા બાળકની પ્રગતિ જાણી, પ્રવૃતિમય રહ્યા, વાલીમાં જાગૃતિ કેળવાઈ છે હાલમાં આ પ્રોજેકટ કાર્યરત છે.

જયારે ઈનોવેશનનો બીજા પ્રોજેકટમાં હુન્નર દ્વારા સ્વઓળખ આ પ્રોજેકટ શાળાના શિક્ષિકા જયાબેન રાજદીપે તૈયાર કર્યો હતો.જેનું મુખ્ય કારણ વિદ્યાર્થીઓની હાજરી શાળામાં નહીવત રહેવા પામતી હતી. જેને પગલે તેઓએ શાળામાં વિદ્યાર્થીઓ દરરોજ આવે અને તેમને આર્થિક ઉપાર્જન પણ મળે તે હેતુમાં કામ કર્યુ. જેમાં તેઓએ શાળાની વિદ્યાર્થીઓને વેસ્ટમાંથી બેસ્ટ સુંદર ચીજવસ્તુઓ તૈયાર કરતા શીખવી હતી. અને સાથે સાથે અભ્યાસમાં પણ બાળાઓ દરરોજ આવવા લાગી હતી. તેઓને શિક્ષણની સાથે હવે વિવિધ ચીજવસ્તુ તૈયાર કરવામાં પણ રસ પડ્યો કારણ કે તેમાંથી તેઓને આર્થિક રીતે મદદ મળવા લાગી. જયારે શાળામાં નહીં આવવાનું કારણ તેઓની ઘરમાં આર્થિક જરુરીયાત હોવાથી મજુરી કામ અર્થે જતી હતી. આ પ્રોજેકટથી ગામની તમામ વિદ્યાર્થીનીઓ શાળાએ નિયમિત આવતી થઈ ગઈ અને વિવિધ ચીજવસ્તુઓ ઘરે તૈયાર કરીને ગામમાં અન્ય મહિલાઓને વેચાણ કરીને તેમાંથી આર્થિક જરુરીયાત પુરી થવા લાગી. ક્રાફટમાં બંગડી સેટ, વિટીં, બુટ્ટી, માળા, કંદોરા, પાયલ, સહિતની ચીજવસ્તુઓ બનાવે છે.

**તાલુકા પંચાયત કચેરી, તા. ભિલોડા, જી. અરવલ્લી**
**ઈ-ટેન્ડરીંગ નોટીસ નં. ૧/૨૦૧૭-૧૮ (બીજો પ્રયત્ન)**

તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા.પં. કચેરી, ભિલોડા, ૩૮૩૨૪૫ (અરવલ્લી) ફોન નં. (૦૨૭૭૧) ૩૮૩૨૪૫ દ્વારા મનરેગા અને ICDS યોજના અંતર્ગત આંગણવાડીના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામના ટેન્ડર વેબસાઈટ www.nprocure.com ઉપર ૧૨/૨/૨૦૧૮ના ૧૮ કલાક સુધી જોવા મળશે અને ઓનલાઈન ભરી શકાશે. ફીઝીકલ ડૉક્યુમેન્ટ જમા કરાવવાની અંતિમ તા. ૧૯/૨/૨૦૧૮ ને ૧૮.૦૦ કલાક સુધીનો રહેશે. ઓનલાઈન ટેન્ડર ખોલવાની તા. ૧૪/૨/૨૦૧૮, બપોરના ૧૩.૦૦ કલાકે રહેશે. ટેન્ડર ફી અને બાનાની રકમ (EMD) ફક્ત ડીમાન્ડ ડ્રાફટથી જ સ્વીકારવામાં આવશે. ટેન્ડરને લગતા દસ્તાવેજો ફરજિયાત ઓનલાઈન સ્કેન કરવાના રહેશે. ટેન્ડર કોઈપણ કારણ જણાવ્યા સિવાય સ્વીકારવું કે નહીં તેનો હક્ક તા.વિ.અ.શ્રી-ભિલોડાને અબાધિત રહેશે.

તાલુકા વિકાસ અધિકારી
(ગ્રા.વિ.) ભિલોડા

ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૬૧૨/૨૦૧૮